સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

સલામી સવારની..

ખાયકી તો થઈ ગઈ, હવે તપાસ ઘાંઘી થશે !
કાયદા-કોર્ટ-બંધારણ પણ હવે લાંઘી જશે!
બાગી થશે ન્યાયે સામે ને નાચશે 'ક્લીનચીટો'
ભારતની પ્રતિષ્ઠા સત્યથી માઈલો આઘી જશે!

હાઈકુ

સમજે છે સૌ
હવે બેન્ક નાણાં ને
બાપ નો માલ

બેન્ક ચારિત્ર્ય
થ્યું બિચારું બાપડું -
પિડીતા થઈ!

ચિંતન

કુર્વન્નેવેહ કર્માણિ જિજિવિષેચ્છત સમાઃ ।
એવં ત્વયિ નાન્યથેતોડસ્તિ ન કર્મ લિપ્યતે નરે ॥

ઉપરોક્ત શ્લોક ઈસ ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આ જગતમાં શાસ્ત્રે નિયત કરેલા કર્મો કરતાં કરતાં જ સો વર્ષો સુધી જીવવાની ઈચ્છા કરવી જોઈએ. આ રીતે ત્યાગભાવથી પરમશ્વરને માટે જ કરવામાં કર્મ હે મનુષ્ય! તને લોપાયમાન નહીં કરે, તેથી હે મિત્ર! અન્ય કોઈ પ્રકાર કે માર્ગ છે જ નહીં જેનાથી મનુષ્ય કર્મબંધનથી મુક્ત થઈ જાય.

ભગવાન માટે હોમ-હવન-યજ્ઞાદિ કર્મ સંસારી એ શાસ્ત્રોક્ત રીતે શ્રદ્ધા-વિશ્વાસ અને સ્નેહ પૂર્વક કરવાં જોઈએ, તેમજ તમામ પિતૃક્રિયાઓ પણ ઋણ ચૂકવવાની સાધના તરીકે કરવાં જોઈએ આથી પરમેશ્વર-પિતૃઓ પ્રસન્ન રહે છે અને તેમના આશીર્વાદથી જીવન સુખપૂર્વક સંપન્ન થાય છે.

સુવિચાર

- શ્રદ્ધા વગર જ્ઞાન, ભક્તિ, ઈશ્વર કશું જ ન મળે તો સફળતા ક્યાંથી મળે ?
  શ્રદ્ધા, નિર્બળો નો માર્ગ નથી અને શ્રદ્ધાવાન જેવો બળવાન આ જગતમાં કોઈ નથી - **માનસસૂત્ર**
- પક્ષાઘાત સારો, શ્રદ્ધાઘાત નહિ સારો, શ્રદ્ધા જયારે ખલાસ થશે પછી જીવી શકાય નહિ - **જીવનસૂત્ર**
- તમારો ભરોસો જ ભજન છે - **જીવનસૂત્ર**
- જેનામાં વિશ્વાસ હોય છે તે અનાથ હોય છે, જેનામાં સંદેહ હોય છે તે હંમેશા અનાત હોય છે - **અખંડ આનંદ**
- બાહુબળ ગમે તેટલું હોય, યુદ્ધના મેદાનમાં મનોબળ કામ આવે છે, પાંખથી નહીં પણ આત્મશ્રદ્ધાથી ઉડી શકાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવવાની કળા નૃત્ય કરતાં કુસ્તીને વધારે મળતી આવે છે - **બર્નાડ શો**
- આજનું ઔષધ : લકવાનો હુમલો થાય તો તરત નવશેકું તલનું તેલ પીવાથી લકડવાની અસર નાબૂદ થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

એક સૂફી સંત હતા. સમુદ્ર કિનારે રહેતા. રોજ સમુદ્ર કિનારે જઈ રેતીનો મહેલ બનાવે અને સાંજ પડે એટલે તે મહેલ જાતે તોડી નાખે. એક દિવસ બાદશાહ ત્યાંથી પસાર થતો હતો તેણે જોયું કે ફકીર મહેલ બનાવે છે અને સાંજે એ મહેલ તોડી નાખે છે. બાદશાહ સાથે બેગમ પણ હતી. સાંજે બેગમ ફકીર પાસે ગઈ ને પૂછ્યું, 'બાબા ! આપ શું બનાવો છો ?'

ફકીરે કહ્યું, 'હું સ્વર્ગનો મહેલ બનાવું છું અને તે ખરીદનાર શોધું છું.' બેગમે પૂછ્યું, 'તેની કિંમત શું છે?' ફકીરે કહ્યું, 'દસ રૂપિયા' બેગમે મહેલ ખરીદી લીધો.

બાદશાહે બેગમને કહ્યું, 'તૂ મૂર્ખ છે, આ ફકીર પણ પાગલ છે.' જન્નતમાં બધાના મહેલ હતા. રસ્તામાં બેગલનો પણ મહેલ જોયો. તેમાં પ્રવેશવા ગયો તો સિપાહીએ તેને અટકાવ્યો અને કહ્યું, 'સ્વર્ગમાં કોઈ રાજા નથી, જેનું નામ હોય તે જ અંદર જઈ શકે.' મોટો ઝઘડો થઈ ગયો. થોડી વારે સ્વપ્ન તૂટ્યું. આ વાત તેણે બેગમને કરી. બીજે દિવસે બેગમ જોડે બાદશાહ ફકીર પાસે ગયા. બાદશાહે કહ્યું મારે પણ આ રેતીનો મહેલ ખરીદવો છે. કેટલા પૈસા ? ફકીરે કહ્યું, 'સો રૂપિયા' બાદશાહે કહ્યું, 'હજી ગઈકાલે તો તમે બેગમને ફક્ત દસ રૂપિયામાં આપ્યો હતો. આજે સો રૂપિયા શા માટે ?' ત્યારે ફકીરે જવાબ આપ્યો, 'કાલે આપની બેગમ ભરોસા પર મહેલ ખરીદ્યો હતો, અને આજે આપ સપનું જોઈને આવ્યા છો માટે વધારે દામ થશે.'

સરકારને સહેલાણીઓની સુવિધાની ચિંતા પણ છે જ

તંત્રીસ્થાનેથી...

'દીવ, દમણ અને ગોવા; ફિરંગી બેઠા રોવા' એ તુકબંધી નવી પેઢી માટે નથી જાણીતી. હિંદુસ્તાન શોધવા નીકળેલો કોલંબસ અમેરિકા પહોંચી ગયો તે પછી પણ યુરોપની પ્રજા હિંદુસ્તાનનો કેડો મૂકવા તૈયાર ન હતી. એ વખતે અમેરિકા તો જંગલી રેડ ઈન્ડિયન પ્રજાનો મુલક હતો. હિંદુસ્તાનમાં જે હતું તે બીજે ક્યાંક નહોતું. ખાસ તો વિવિધ પ્રકારના તેજાના, મરીમસાલા. એની ગંધે ગંધે આ સાહસિક યુરોપીય પ્રજા અહીં ખેંચાઈ આવી અને આપણા દેશ પર સૈકાઓ સુધી શાસન કરતી રહી ! એ પ્રજામાં પોર્ટુગીઝ હતા, ડચ અને વલંદા હતા. ફ્રેન્ચ અને અંગ્રેજ પણ હતા. પોર્ટુગલથી આવેલા લોકો આવ્યા સૌથી પહેલાં. વાસ્કો ડી ગામા કાલીકટ બંદરે ઊતર્યો. એના પગલે પગલે આખું યુરોપ અહીં ઠલવાયું. અંગ્રેજો સિવાયના યુરોપિયોનો એ ફક્ત પસંદગીના જગ્યાઓ પર કબજો જમાવ્યો. એમાં દીમ, દમન ને ગોવા તે ફિરંગીઓની વસાહતો બની રહ્યાં. પોંડિચેરીમાં ફ્રેન્ચ પ્રજાએ વસવાટ કર્યો. બાકીનું આખેઆખું ઈંડિયા અંગ્રેજ પ્રજાને હવાલે થઈ ગયું. આઝાદીની લડાઈ પણ એટલા સારું અંગ્રેજ સામે જ લડવી પડી. અંગ્રેજ ગયો પણ પેલી અન્ય યુરોપીય પ્રજાઓ એમનાં થાણાં છોડવા તૈયાર નહોતી. મોડે મોડે એમને પણ કાઢ્યા. દીવ, દમણ અને ગોવા કે પોંડિચેરી એ કારણસર આઝાદ ભારતમાં કેન્દ્રશાસિત પ્રદેશો તરીકે ઉમેરાયા. કાળક્રમે ગોવા અને પોંડિચેરીને રાજયનો દરજ્જો પણ મળ્યો, પણ દીવ અને દમણ તો પક્ત બે નાનાં નગર હતા. દરિયા કિનારે હતાં એથી પ્રવાસન કેન્દ્રો તરીકે વિકસાવી શકાય એવા હતાં, થયું પણ એમ જ. ગોવા પૅટર્ન પર એ બેઉ વિદેશી પર્યટકો અને દેશી સહેલાણીઓ માટે પ્રવાસનધામ તરીકે વિકસતાં રહ્યાં છે. વાપીની નજીક કોઈ દમણ ઉદ્યોગનકરી તરીકે પણ વિકસી શકે એમ હતી. દીવ સૌરાષ્ટ્રના રમણીય દરિયા કિનારે ઊનાથી માત્ર પંદર કિ.મી.ના અંતરે વસેલી મનમોહક ઈંદ્રપુરી છે. એ ગુજરાતમાં નથી છતાં ભૌગોલિક રીતે ગુજરાતનો જ પ્રદેશ છે. કેન્દ્ર શાસિત પ્રદેશ હોઈ અહીં ગુજરાતની નશાબંધી પ્રવેશી શકી નથી. તેથી મોજીલા ગુજરાતીઓ દીવમાં મોટા ભાગે તો મોજમજા કરવા જ જતા હોય છે. દમણમાં તો આંતરરાષ્ટ્રીય કક્ષાની ડિસ્ટિલરીઓ છે. ગાંધીજીએ આત્મવિલોપનની ધમકી આપી હોય તો પણ દેશ અને દુનિયામાંથી દારૂને દેશવટો ન જ આપી શકાયો હોત. ઈસ્લામમાં દારૂને હરામ ગણવામાં આવેલ છે. એવો કયો ઈસ્લામિક દેશ છે જ્યાં દારૂ નહીં પિવાતો હોય ? માણસે એની વિકાસયાત્રાનો થાક ઉતારવા શોધેલું આ પીણું માપમાં લેવામાં આવે તો અમૃત છે પણ એ ય સાચું કે પીનારા કોઈ લક્ષ્મણરેખાઓ સ્વીકારતા નથી. દીવ અને દમણનું વહીવટીતંત્ર એક, પણ જમીન માર્ગે અંતર કેટલું લાંબુ! આખું સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત વીંધીને દીવથી દમણ પહોંચતાં સહેજે પંદર-વીસ કલાક જેટલો સમય નીકળી જાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દીવ-દમણ વચ્ચે હવાઈ યાત્રાની સુવિધા અર્પણ કરી ફક્ત એક જ કલાકમાં એ અંતર કાપી શકાય એવી સગવડ કરી આપી છે. અમદાવાદથી દીવ વચ્ચે પણ આવી સુવિધા ઉપલબ્ધ થતાં આબુ કરતાં પણ ઓછા સમયમાં દીવ પહોંચી શકાશે એથી દીવ ગુજરાતી સહેલાણીઓનું સ્વર્ગ બની રહેશે. સરકારને પણ પ્રવાસનની અને આબકારી આવકના બખ્ખા થઈ જશે !

સામાજિક ન્યાય સંસ્થા સ્થાપવી એ સાંપ્રત સમયની માંગ

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ઈન્ડીયન સોશ્યલ ઈન્ટસ્ટીયુટના મત અનુસાર સરકારે દલીતો તથા પછાત વર્ગ માટે અનેક કાયદાઓ કર્યા છે. બંધારણમાં પણ વિશિષ્ટ સગવડો આપવામાં આવી છે અનેક પ્રકારની સહાયો ગ્રામ્ય પ્રદેશના પછાત વર્ગને અપાતી હોવા છતાં જરૂરીયાતમંદ સુધી આઝાદીના ૬૮ વર્ષ ઉપરાંતથી બજેટનો મોટો ભાગ ફળવાતો હોવા છતાં શોષીતો, વંચીતો, દલીતો તથા પછાત વર્ગ, જરૂરીયાત વર્ગની હાલત ગ્રામ્ય કક્ષાએ જેમની તેમ જ છે.

બંધારણમાં આપેલ વિશિષ્ટ સગવડો, જોગવાઈઓના પાલન માટે સામાજીક ન્યાય સંસ્થા સ્થાપવી એ સાંપ્રત સમયની માંગ છે. સોશ્યલ જસ્ટીસ સેલ ની સ્થાપના કરવા તિવ્ર માંગ થઈ રહી છે. રાજકારણીઓની કાંઈપણ કાર્ય કરવાની અનિચ્છા, વહિવટી ઉદાસીનતા, ભ્રષ્ટાચાર, ગરીબોના મૂળભૂત હક્કો અને અધિકારો વિશે તેમની ઘોર અજ્ઞાનતાના લીધે જેમને લાભ મળવો જોઈએ તે તેઓ મેળવી શકતા નથી તેમના હિસ્સાનો લાભ અન્ય લોકો લઈ રહ્યા છે. સમાજના છેવાડાના લોકો સુધી જે લાભ પહોંચવો જોઈએ તે આજદિન સુધી પહોંચ્યો નથી. એબોલીશન એકટ ૧૯૭૬ ની જોગવાઈઓ વિશે હાલમાં પણ લોકો અજ્ઞાન છે. પછાત લોકો સુધી યોજના અને લાભોની વિગતોની જાણકારી ના પહોંચે તે માટે અમલદારશાહિ તથા રાજકારણીઓ દ્વારા પ્રયત્નો કરી તેમના ભાગનો હિસ્સો યેનકેન રીતે પોતાના ખીચામાં સરકાવે છે. કાયદાની જોગવાઈઓની માહિતી લાગતા વળગતા લોકોને ન મળે તે માટે પ્રયત્નશીલ રહી લાભાર્થીઓની અજ્ઞાનતાનો લાભ અમલદારશાહિ દ્વારા પુરો ઉઠાવવામાં આવે છે.

સરકાર તથા સમાજ બન્ને તરફે આ બાબતો ઉપર દુર્લક્ષ સેવવામાં આવે છે. કરોડો રૂપિયાની ગ્રાન્ટ ગરીબોના નામે ચાઉ કરવામાં આવે છે સામાજીક ન્યાય અને અધિકાર મંત્રાલય દ્વારા શોષીતો, દલીતો માટે અવારનવાર કાયદા બનાવવામાં આવે છે પરંતુ નિતિ નિયમોની અમલવારી માટે કોઈ ચોક્કસ કઠોર પગલા ના ભરવાના કારણે શોષીત વર્ગ પોતાના હક્કોથી વંચીત રહે છે અને અમીર વગ વધુ અમીર થતો જાય છે.

દલીતો માટે જમીનના કાયદામાં અવાર નવાર સુધારાઓ જમીન મહેસુલ વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે પરંતુ તેની જાતમાહિતીના અભાવે, અજ્ઞાનતાના કારણે જે લાભ દલીતો, શોષીતોને મળવા જોઈએ તે ના મેળવી શકતા નથી તથા અમલદારશાહિ સામે ન્યાય મેળવવા ના ઈલાજે આત્મવિલોપન જેવા અંતિમ પગલા ભરાતા સરકાર જાગે છે અને સાચા ખોટા આંકડા આપી સબ સલામત હોવાના દાવા કરે છે.

આરોગ્ય લક્ષી લાભો મફત મેળવવા એ ગરીબ પછાત વર્ગનો પ્રથમ અગ્ર હક્ક છે તેમ છતાં આરોગ્ય લક્ષી લાભો મેળવવામાંથી વંચીત રહેતા યોગ્ય સારવારના અભાવે, નાણાના અભાવે અકાળ મોતને ભેટે છે. માથે મેલું ઉપાડવાની પ્રથા ઉપર વર્ષોથી પ્રતિબંધ હોવા છતાં આજદિન સુધી ગટરોમાંથી મેલું કાઢતા હજારો સફાઈકર્મીઓના મોત નિપજયા છે જેમના મરણો ઉપરાંતના લાભો મેળવવામાં અમલદારશાહિમાં કુટુંબીજનોને મુશ્કેલીઓ પડે છે.

જયાં સુધી વ્યક્તિ પોતે પોતાના મળનાર લાભો, હક્કો પ્રત્યે જાગૃતતા નહિ લાવે ત્યાં સુધી પછાતપણામાંથી બહાર નહિ આવે અને પોતાનું શોષણ થતું રહેશે

ભારતમાં ૨૦૦૮ થી સર્વ શિક્ષા માટે ૧૩ હજાર કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે તેમ છતાં જેને પાયાનું શિક્ષણ માનવામાં આવે છે તે પ્રાથમિક શિક્ષણની હાલત કથળતી જાય છે. સરકારી શાળાઓને તાળા મારવાનો સમય આવી ગયો છે. પ્રજાને મળવા જોઈતા પાયાના શિક્ષણથી વંચીત રાખી કરોડોની ગ્રાન્ટ રાજકિય હિતો દ્વારા સગેવગે કરવામાં આવે છે.

સામાજીક અત્યાચારનો ભોગ બનનાર સ્ત્રી, પુરૂષોને ગુજરાત સરકાર નાણાકિય સહાય કરે છે. આ ઉપરાંત પછાત વર્ગોને સમાજ કલ્યાણ ખાતા તરફથી ઘરના ઘરની સગવડ, મફત કાનૂની સહાય, આંતર જ્ઞાતિય લગ્નો માટે નાણાકિય સહાય, વૈદકિય સહાય, પેટ્રોલ તથા ફુડ વેચાણ માટે એજન્સી અપવામાં અગ્રતા તથા અનુસૂચિત જાતી અને જનજાતીને હેરાન કનકગત માટે ગૃહ ખાતુ રાષ્ટીય સુરક્ષા ધારા મુજબ પગલા ભરી શકે છે. દલીત તથા પછાત વર્ગને ચામડા ઉદ્યોગ માટે ખરાબાની જમીનો અગ્રક્રમે આપવાનો નિયમ હોવા છતાં આજદિન સુધી પોતાને મળનાર અધિકાર પ્રત્યે સભાન ના હોવાના કારણે, પૂરતી કાયદાકિય માહિતીના અભાવે તથા સરકારી યોજનાઓના લાભની જાણકારીના અભાવે ગ્રામ્ય કક્ષાએ દલાલો, એજન્ટો

અનુસંધાન પાના નં. ૭ પર

આપણી તો મોત સામેની લડાઈ રોજની, દિવસો રણશિંગુ છે ને શ્વાસ જાણે પડઘમો !

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

માયાનું મ્હોરું ઉતારી તારી અંદર નીરખ જરા
ધડકે છે જે તારી અંદર એને પણ તું પરખ જરા.

- રસિક દવે

આપણને કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે સ્થળની સાચી પરખ મોટાભાગે તેને ગુમાવ્યા પછી જ થાય છે. ઈશ્વરે રચેલી આ સુંદર સૃષ્ટિ અને ઈશ્વરની બક્ષેલી અમૂલ્ય ભેટ સમી જિંદગી અચાનક છીનવાઈ જાય તો સ્વાભાવિકપણે ચિત્કારી ઊઠીએ કે 'આવું કેમ !' સુપરસ્ટાર શ્રીદેવીનું અચાનક અવસાન, આપણને અંદરથી હલાવી ગયું. આખા દેશને એક મોટો આંચકો આપીને આ સુપરસ્ટાર રાતોરાત ચાલી ગઈ. ૫૪ વર્ષની વયે પણ આટલી સુંદર, સ્વસ્થ અને ચમકતી ત્વચા ધરાવનાર આ રૂપસુંદરીને આવો 'હાર્ટ ઍટેક' આવ્યો જ શી રીતે? એ પ્રશ્ન આપણને ચોક્કસ થાય. ઘણીવાર આ દુનિયામાં બનતા બનાવો વાર્તા કે નાટકો કે ફિલ્મોના બનાવ કરતા પણ વધારે અસંભવિત, વધારે ચોંકાવનારા હોય છે તેવો જ આ બનાવ છે. વિશેષ દુઃખ તેની દીકરીઓને માથે આવી પડ્યું ગણાય. મા વિનાની દીકરીઓનું જીવન આપણે ધારી પણ ન શકીએ તેટલું કરૂણ બની જાય છે.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ બહારથી જેટલી ચકાચૌંધ કરી દેનારી અને ઝાકઝમાળભરી લાગે

છે એટલી જ તેની બીજી બાજુ ડરાવનારી અને ભનાયક છે.અહીં રૂપ અને યૌવન જાળવી રાખવાની ઘેલછા એ હદે સ્ટાર્સ અને સેલિબ્રિટીઝ પર છવાયેલી હોય છે કે કયારેક એના આવા ક્રૂર પરિણામો પણ ભોગવવા પડે છે. ઉંમર સાથે શરીરમાં અને શરીરની સુંદરતામાં આવનારા ફેરફારોને ગરિમાપૂર્વક રીતે સ્વીકારવું ફિલ્મજગત અને શૉ-બિઝનેશ માટે લગભગ અશક્ય જ છે. આપણે સ્વીકારવું જ રહ્યું કે સૌંદર્ય પ્રસાધનો, મોડેલીંગ, ફિલ્મજગત આ તમામ માધ્યમોમાં બાહ્ય દેખાવ જ સૌથી વધુ મહત્ત્વના ગણાય છે. તેમાંય ખાસ કરીને સ્ત્રીઓ માટે આ પ્રકારના સૌંદર્યને આજીવન અકબંધ રાખવાની ઘેલછા ઘણીવાર તેને ખૂબ શારીરિક અને માનસિક રીતે પીડાજનક લાગતા હોય છે. દર્શક તરીકે આપણે પોતે પણ સુંદરતા, યૌવન અને આકર્ષક દેખાવને જ વધુ મહત્ત્વ આપતા હોવાને કારણે પૈસા કમાવવાના આ બિઝનેસમાં ન ઈચ્છવા છતાં પણ સ્ત્રીએ પોતાની જાત પ્રત્યે કડક રહેવું જ પડતું હોય છે.

આપણે સૌ જાણીએ છીએ કે ઉંમર વધવાંની સાથે શરીરમાં અમુક ચોક્કસ પ્રકારના ફેરફારો આવવાના જ છે. એના માટે સજ્જ રહેવાના તંદુરસ્ત પ્રયત્નો કરવામાં કોઈ બાધ પણ નથી. શરીરને સ્વસ્થ, સુડોળ અને આકર્ષક બનાવવા માટે પ્રયત્નો કરવા, તેનું જતન કરવું એ દરેક વ્યક્તિ માટે એકસરખું આવશ્યક છે. પરંતુ, ઘેલછાની હદે મલ્ટીપલ સર્જરીસ્ કે કોસ્મેટીક ફેરફાર કરાવવા અને '0-Zerofigure -' લાલચમાં પોતાની જાતને ભૂખે મારવી એ તમામ બાબતો સમય જતાં શરીરને અને મનને તેની અસલી જિંદગી જીવવાથી વંચિત કરતા જાય છે. સ્ત્રીનું શરીર એ કોઈ મનોરંજનનું મશીન નથી, સમય આવ્યે એ પણ થાકે અને એને પણ તકલીફો થતી જ હોય એ વાત આપણે સૌએ સ્વીકારવી જ રહી. શ્રી ગુણવંત શાહ લખે તેમ :

"ઢળતી ઉંમરે મુગ્ધતા ધીરે ધીરે ઓસરે છે. ફૂલમાંથી ફળ પ્રગટે તેમ મુગ્ધતામાંથી પ્રગલ્ભતા પ્રગટ થાય છે. ઉંમર વધે તે સાથે પરિપક્વતા આવે, ત્યારે ખબર પડી જાય છે કે ભૂતપૂર્વ મુગ્ધતાનું જ આ રમણીય રૂપાંતરણ છે. પ્રગલ્ભતા આકર્ષણને અકબંધ રાખે છે પ્રગલ્ભતા એટલે પ્રતિભાનો મનોહર નિખાર."

સ્ત્રીના શરીરમાં મુખ્યત્વે બે પડાવ આવે છે; એક બાળકોના જન્મ સમયે અને બીજો મેનોપોઝ એટલે કે માતૃત્વ ગુમાવ્યાની ક્ષણે. એ બંને સમયે તેનામાં શારીરિક તેમજ માનસિક રીતે ઘણા ફેરફારો થતા હોય છે. એ ફેરફારોને ધ્યાનમાં રાખીને સ્ત્રીઓ પોતાની જાતનું વિશેષ ધ્યાન રાખવાનું હોય છે અને આવા સમયે તેને સૌથી વધુ જરૂર તેના પરિવારજનોની હોય છે. ઘરના સભ્યો, પરિવારના સભ્યો એ તમામની નજરમાં તેને આજીવન સુંદર, આકર્ષક અને એટલું જ આવશ્યક બની રહેવું હોય છે અને તેનું આવું ઈચ્છવું કશું જ અજુગતું ન ગણાય.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં અમિતાભ બચ્ચન જેવા સુપરસ્ટાર અને મેગાસ્ટાર જો પોતાની ઉંમરથી પણ વધુ એટલે કે ૧૦૨ વર્ષની વયના વૃદ્ધ પિતાનો રોલ ગરિમાપૂર્વક કરી શકતા હોય તો એ જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ સ્ત્રીને પણ તેની ઉંમર, તેના દેખાવ અને તેની પીઢતાને દર્શાવવી જોઈએ તથા સહજપણે તેને પણ સ્વીકારવી જોઈએ. કુદરતના ક્રમ અનુસાર આવનારા દિવસોમાં બધા પોતપોતાના કામમાં ફરી એકવાર વ્યસ્ત બની જશે અને શ્રીદેવીના મૃત્યુને વિસારી પણ દેશે. પરંતુ, તેની દીકરીઓ માટે આ ખોટ કયારેય ન પૂરાય અને કયારેય ન વિસરાય તેવી બની રહેશે. મૃત્યુ એ સનાતન સત્ય છે અને તેના સ્વીકાર સિવાય આપણી પાસે બીજો કોઈ રસ્તો પણ નથી પરંતુ જયાં સુધી આપણાથી શક્ય હોય ત્યાં સુધી માત્ર બાહ્ય દેખાવ અને સુંદરતાને જ ધ્યાનમાં રાખવા જતાં એક આખો જીવ ગુમાવવો પડે એથી પણ કરૂણ બીજું શું હોઈ શકે ?

Last Seen :

"એક આવીને ડુબાડે, એક કરતો ખાતમો !
જિંદગીને ખળભળાવે છે ગમો ને અણગમો !
આપણી તો મોત સામેની લડાઈ રોજની,
દિવસો રણશિંગુ છે ને શ્વાસ જાણે પડઘમો !"

- ડૉ. મનોજ જોશી 'મન' (જામનગર)

- nehalgadhavi101@gmail.com

કાવેરીના જળમાં આગ : કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

કર્ણાટક-તમિળનાડુ વચ્ચે આગ બનીને ઝળૂંબતા કાવેરી જળવિવાદનો ચુકાદો આવ્યા પછી કર્ણાટક વિધાનસભાની ચૂંટણી આવી રહી છે.પૂર્વાંચલનાં રાજ્યોમાં ચૂંટણી પછી હવે દેશમાં સૌનું ધ્યાન કર્ણાટક ભણી મંડાયેલું છેઃ કર્ણાટક વિધાનસભાની ચૂંટણી પૂર્વે જ અહીં સત્તારૂઢ કૉંગ્રેસ અને વિપક્ષ ભાજપ થકી ચૂંટણીલક્ષી આયોજનો આરંભાઈ ચૂક્યાં હતાં.અત્યારે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દક્ષિણના આ પ્રવેશદ્વારને એકલેહાથે કબજે કરવા માટે જાહેરસભાઓ કરવા માંડી છે. "૧૦% કમિશનવાળી સરકાર જોઈએ છે કે મિશન સરકાર?"એવી ગાજવીજ પણ તેમણે કરવા માંડી છે.સામે પક્ષે કૉંગ્રેસી

- **રાજ્યમાં વિધાનસભા ચૂંટણી પૂર્વે લોકલુભાવન બજેટ સાથે જ જળવિવાદમાં સુપ્રીમ કૉર્ટનો સાનુકૂળ ચુકાદો**
- **વડાપ્રધાન-મુખ્યમંત્રી વચ્ચે વાક્યુદ્ધ: ૧૦ % કમિશનવાળી સરકાર જોઈએ છે કે ૧૦૦ % કમિશનવાળી સરકાર ?**
- **પક્ષમાં ઘરવાપસી પામેલા મુખ્યમંત્રીપદના ભાજપી ઉમેદવાર યેડ્યુિરપ્પા ભ્રષ્ટાચાર ખટલાઓમાં જેલવાસી હતા**
- **નર્મદા નદીનાં જળની જેમ દેશની કાવેરી સહિતની નદીઓનાં જળ ઘટી રહ્યાં છે અને એની રાજકીય અસરો પડે છે**

મુખ્યમંત્રી સિદ્ધરામૈયા પણ કાંઈ ગાંજ્યા જાય તેમ નથી.અગાઉ રામકૃષ્ણ હેગડેની સરકારમાં મંત્રી રહેલા વર્તમાન કૉંગ્રેસી મુખ્યમંત્રીએ પણ જનતા પરિવારમાં રહીને ઘટઘટનાં પાણી પીધેલાં છે.એમનો પ્રતિપડકાર છે : "અમને નાહક બદનામ કરવાવાળા મોદી તો વડાપ્રધાન પદ માટે યોગ્ય નથી,એટલુંજ નહીં એમને ખબર હોવી જોઈએ કે રાજ્યમાં છેલ્લે ભાજપ સરકાર હતી તે ૧૦૦% કમિશનવાળી સરકાર હતી." કેન્દ્રના પ્રધાન અનંતકુમાર હેગડે બંધારણ બદલવાની વાત કરે છે અને એનો વિરોધ ઊઠે ત્યારે માફી માંગી લેવામાં જ હિત નિહાળે છે અથવા ફેરવી તોળે છે.ગુજરાતમાં તો કૉંગ્રેસનું માળખું હતું નહીં છતાં વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં કૉંગ્રેસે સારો દેખાવ કર્યો.કર્ણાટકમાં તો કૉંગ્રેસનું માળખું છે,સરકાર આક્રમક છે, દલિતો,મુસ્લિમો અને લિંગાયત સમાજમાં એનો પ્રભાવ સારો છે.આની સામે ભાજપ કેન્દ્રમાં સત્તા ધરાવે છે,એનું પણ માળખું છે, સંઘ પરિવાર એના પક્ષે હિંદુ મત મજબૂત કરવાના પ્રયત્નોમાં છે.જોકે રાજ્યની લગભગ ૨૦ ટકા વસ્તી ધરાવતા મૂળ શૈવ એવા લિંગાયત પોતાને અલગ ધર્મના ગણાવવા અને પોતે હિંદુ નહીં હોવાના મુદ્દે, રામકૃષ્ણ મિશનની જેમ જ, સુપ્રીમ કૉર્ટે ગયા છે,એ મુદ્દો આ વખતે અસરકારક રહેશે. જોકે ભાજપ ચૂંટણી પછી વોક્કાલિંગા નેતા અને ભૂતપૂર્વ વડાપ્રધાન એચ.ડી.દેવેગૌડાના જનતાદળ (સેક્યુલર) સાથે જોડાણ કરીને પણ કૉંગ્રેસને સત્તાથી દૂર કરવા પ્રયત્નશીલ છે. કૉંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી પણ આવતે મહિને પક્ષનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરીને કોઈપણ ભોગે સત્તા ટકાવી રાખવા કૃતસંકલ્પ છે.બહુજન સમાજ પક્ષનાં અધ્યક્ષ માયાવતી પણ સક્રિય થઈ દેવેગૌડાના પક્ષ સાથે જોડાણ કરી ચૂક્યાં છે.સરખાસરખીનાનો અને બાહુબળિયાઓનો આ સામનો રસપ્રદ બની રહેવાનો. લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી પહેલાં કર્ણાટક બંને મુખ્ય પક્ષો ભાજપ અને કૉંગ્રેસ માટે અગ્નિપરીક્ષાનો જંગ છે.

કાવેરી જળવિવાદમાં વિજયપતાકા

કર્ણાટકની કૉંગ્રેસ સરકાર માટે શુક્રવાર (જુમ્મા), ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૮નો દિવસ સારા સમાચાર લઈને આવ્યોઃ ભારતની સર્વોચ્ચ અદાલતે દાયકાઓ જૂના કાવેરી જળવિવાદ અંગે ચાર રાજ્યો વચ્ચેની પાણીની વહેંચણી અંગે આપેલા ચુકાદામાં કર્ણાટકની વિજયપતાકા લહેરાઈ છે. શુક્રવારે જ કર્ણાટક સરકારે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના બજેટમાં પ્રજાને રાજીની રેડ કરી નાંખતી જોગવાઈઓ પણ કરી છે. ભારતીય જનતા પક્ષ કૉંગ્રેસશાસિત કર્ણાટક રાજ્યને કોઈપણ ભોગે છીનવી લેવાના વ્યૂહ ઘડી રહ્યો છે. કર્ણાટક વિધાનસભાની ૨૨૪ બેઠકોમાંથી છેલ્લી ૨૦૧૩ની ચૂંટણી વખતે કૉંગ્રેસને ૧૨૪ બેઠકો મળી અને ભાજપ માત્ર ૪૪ બેઠકો મેળવી શક્યો હતો. પૂર્વ કૉંગ્રેસી મુખ્યપ્રધાન અને વિદેશપ્રધાન એસ. એમ. કૃષ્ણાના ભાજપમાં જોડાયા પછી પણ કર્ણાટકના મુખ્યપ્રધાનની સરકાર અડીખમ રહી છે. લોકસભામાં કૉંગ્રેસના નેતાપદે રહેલા મલ્લિકાર્જુન ખડગે પણ કર્ણાટકના નેતા છે. કર્ણાટકમાં આગામી વિધાનસભાની ચૂંટણી એપ્રિલ-મે ૨૦૧૮માં યોજાવાની છે. ભાજપ થકી પૂર્વ મુખ્યપ્રધાન બી. એસ. યેડિયુરપ્પાને મુખ્યપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરાયેલા છે. મૂળ ભાજપના પણ ૨૦૧૨માં અલગ કર્ણાટક જનતા પક્ષ સ્થાપનાર યેડિયુરપ્પા ૨૦૧૪માં ભાજપમાં ઘરવાપસી પામ્યા હતા. રાજ્યના ૪ ભાજપી સાંસદ કેન્દ્રમાં પ્રધાનપદે છે. ભાજપ અને કૉંગ્રેસ બેઉના રાષ્ટ્રીય નેતાઓએ ઘણા વહેલાં ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો હોવા છતાં હજુ ચૂંટણીપંચે ચૂંટણીની તારીખો જાહેર કરી નથી એટલે આચારસંહિતા અમલી બની નથી. ટીપુ સુલતાનની જન્મજયંતીના વિવાદથી લઈને માંસ ખાઈને કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી દેવદર્શને ગયા સુધીના અધકચરા અને જનકલ્યાણનાં આયોજનોથી પર એવા મુદ્દે રાજકારણ ખેલાતું રહ્યું છે.

કૉંગ્રેસ, ભાજપ અને જેડી (એસ) વચ્ચે જંગ

કર્ણાટકમાં જંગ ત્રિપાંખિયો થવાનો એ નિશ્ચિત છે. પૂર્વ વડા પ્રધાન એચ. ડી. દેવેગૌડાના જનતા દળ (સેક્યુલર) પક્ષ સાથે માયાવતીની બહુજન સમાજ પાર્ટી (બીએસપી) અને શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી) પણ મોરચો ગોઠવી રહી છે. ટિકિટોની ફાળવણી વખતે કોણ કયા પક્ષ સાથે ઘર માંડશે એ કહેવું મુશ્કેલ છે. સાથે જ ચૂંટણી પછી કર્ણાટક જેડી(એસ)ના વડા અને દેવેગૌડાના પુત્ર એચ. ડી. કુમારસ્વામી કોની વહેલમાં બેસશે, એ અત્યારથી કહેવું મુશ્કેલ છે. કારણ વર્ષ ૨૦૦૬માં એમણે પહેલાં કૉંગ્રેસ સાથે જોડાણ કર્યું અને પછીથી ભાજપ સાથે ઘર માંડ્યું હતું. કુમારસ્વામી એ જ સોદાબાજીથી થોડા વખત માટે મુખ્યપ્રધાન પણ થયા હતા. આ વખતની ચૂંટણી પહેલાં કુમારસ્વામીનાં કથિત કૌભાંડોના મુદ્દે એમના પર ભાજપ તરફથી ભારે દબાણ હોવાનું મનાય છે. વળી કુમારસ્વામી તથા ભાજપ એકમેક પર આક્રમક હુમલા કરવાનું ટાળે છે. ભાજપ થકી કૉંગ્રેસના ભ્રષ્ટ શાસન અને જેલવાસી નેતાઓની વાતો કરવામાં આવે છે. જોકે, યેડિયુરપ્પા પોતે ભ્રષ્ટાચારના ખટલાઓમાં જેલવાસી રહી ચુક્યા છે એટલું જ નહીં, ભાજપમાંથી ફારેગ પણ થયેલા છે. ભાજપમાં આંતરકલહ પણ કાંઈ ઓછો નથી. જોકે, ભાજપને આંધ્ર, તમિળનાડુ તથા કેરળમાં ઝાઝો જનપ્રતિસાદ મળતો નહીં. અગાઉ ગઠબંધનથી બેંગલૂરુમાં રાજ કરવાની તક મળી હતી અને હવે એને એકલે હાથે સર કરવાની કોશિશમાં છે. સમગ્રપણે સંઘ પરિવાર કર્ણાટકમાં હિંદુ કાર્ડ ખેલીને સત્તામાં આવવા આતુર છે, પણ સામે પક્ષે સિદ્ધરામૈયા પણ ગાંજ્યા જાય તેવા નથી. ભાજપ માટે ભાવનાત્મક ધાર્મિક મુદ્દાઓ ઊઠાવવા ઉપરાંત દેશમાં સૌપ્રથમ જે પાલિકામાં ભાજપને કે એના પૂર્વ અવતાર જનસંઘને શાસન કરવાની તક મળી હતી એ ઉડિપી પાલિકા કર્ણાટકમાં છે.

કાવેરીમાં કેન્દ્રની ફજેતી, રાજ્યનો વિજય

કાવેરી જેવી પવિત્ર નદીનાં જળની વહેંચણીના મુદ્દે કર્ણાટક અને તમિળનાડુ વચ્ચે હિંસક અથડામણો સર્જાતી રહી છે. કાવેરી જળમાં આગ લાગતી રહ્યાની વાતો સામાન્ય રહી છે. અગાઉ પંજાબની અકાલી-ભાજપ સરકાર હરિયાણાને પાણી આપવાના મુદ્દે સુપ્રીમ કોર્ટના ચુકાદાના અમલનો ધરાર ઈનકાર કરતી રહી હતી. રાજ્યની પ્રજા માટે આવા મુદ્દા ન્યાયી છે કે નહીં, એ કરતાં ભાવનાત્મક વધુ હોય છે. પંજાબમાં અકાલી દળ-ભાજપની સરકારે હરિયાણાને પાણી ફાળવવાનો નન્નો ભણ્યા પછી પણ રાજ્ય વિધાનસભાની અકાલી દળ-ભાજપની યુતિ છેલ્લી ચૂંટણી હારી હતી. પંજાબમાં કૉંગ્રેસના કેપ્ટન અમરિન્દર સિંહ (પૂર્વ મહારાજા- પતિયાળાના પૌત્ર)ની સરકાર સ્થપાઈ છે. કેન્દ્રમાં ભાજપના વડપણવાળા મોરચામાં અકાલી દળ સામેલ હોવા છતાં સુપ્રીમ કૉર્ટના ચુકાદાનો અમલ થયો નહોતો.

હવે વારો કર્ણાટક અને તમિળનાડુ વચ્ચેના કાવેરી જળના મુદ્દે સુપ્રીમ કૉર્ટના ચુકાદાના અમલનો છે. ભારત સરકારે તો આ વખતે સુપ્રીમ કૉર્ટમાં એવી ભૂમિકા લીધી હતી કે વર્ષ ૨૦૦૭માં કાવેરી જળ અંગે ટ્રાયબ્યુનલે ૨૦૦૭માં જે પ્રકારની જળ ફાળવણી કરી આપી છે એને સ્વીકારી લેવાય. એને સ્વીકારવામાં આવે તો કર્ણાટકને નુકસાન